# અટલ બ્રિજ પર સ્કૂલ બસની બ્રેક ફેઈલ

## માસૂમ બાળકોના જીવજોખમમાં મુકાયા : ત્રણ વાહનો વચ્ચે સર્જાયો ભીષણ અકસ્માત




( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

શહેરના સૌથી લાંબા ગણાતા અટલ બ્રિજ પર શનિવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. એક ખાનગી સ્કૂલ બસની બ્રેક ફેઈલ થઈ જતાં બસે આગળ જતી બે કારને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે બ્રિજ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી અને બસમાં સવાર બાળકોનો આબાદ બચાવ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સરસ્વતી સ્કૂલના બાળકોને લઈને પસાર થઈ રહેલી બસ જ્યારે અટલ બ્રિજ પરથી ઉતરી રહી હતી, ત્યારે અચાનક તેની એર બ્રેક ફેઈલ થઈ ગઈ હતી. બસના ડ્રાઈવર જણાવ્યું હતું કે, "બ્રિજ ઉતરતી વખતે મેં બ્રેક મારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એર નીકળી જવાને કારણે બ્રેક લાગી ન હતી." કાબૂ ગુમાવેલી બસે તેની આગળ જઈ રહેલી બે લક્ઝુરિયસ કારને પાછળથી ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારના પાછળના ભાગ ડીકી અને બમ્પર ને ભારે નુકસાન થયું હતું. અકસ્માત સમયે સ્કૂલ બસમાં અનેક બાળકો સવાર હતા. અચાનક થયેલા ધડાકા અને બસના ઝટકાને કારણે બાળકો ગભરાઈ ગયા હતા અને તેમના જીવ તાળવે ચોંટ્યા હતા. જોકે, સમયસૂચકતાને કારણે કોઈપણ બાળકને ગંભીર ઈજા પહોંચી નથી, જે મોટી રાહતની વાત છે. ઘટનાની જાણ થતા જ 112 પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અકસ્માતને કારણે બ્રિજ પર વાહન વ્યવહાર ખોરવાયો હતો, જેને પોલીસે થાળે પાડ્યો હતો. પોલીસે બસ ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે જ બસના ફિટનેસ સર્ટિફિકેટ અને મેન્ટેનન્સ અંગે પણ તપાસ કરવામાં આવી શકે છે. આ ઘટનાએ ફરી એકવાર સ્કૂલ વાહનોની સુરક્ષા અને તેમના નિયમિત મેન્ટેનન્સ સામે સવાલો ઊભા કર્યા છે.

### વોર્ડ નં.10 ની ડોર-ટુ-ડોર ગાડીના ચાલકે સર્જ્યો અકસ્માત

# તાંદલજામાં કચરાની ગાડી 'કાળ' બની, બે ટુ-વ્હીલરને અડફેટે લીધા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડીઓના ચાલકોની બેદરકારી ફરી એકવાર સામે આવી છે. શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલ જમજમ પાર્ક પાસે વોર્ડ નંબર 10ની કચરા કલેક્શનની ગાડીના ચાલકે પૂરપાટ ઝડપે વાહન હંકારી બે ટુ-વ્હીલર સવારોને જોરદાર અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની આ ગાડી અંદાજે 100 કિમીની ઝડપે દોડી રહી હતી. ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રસ્તા પર જઈ રહેલા બે ટુ-વ્હીલર ચાલકોને અડફેટે લીધા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે ટુ-વ્હીલર સવારો રસ્તા પર ફંગોળાયા હતા.

આ પૈકી એક વ્યક્તિને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે અન્ય એક વ્યક્તિને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ સ્થાનિક લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને કચરા ગાડીના ચાલકની અટકાયત કરી તેની ચાવી લઈ લીધી હતી. પૂછપરછ દરમિયાન ચાલક પોતાનું નામ અખિલેશ હોવાનું જણાવ્યું હતું. જોકે, તેની પાસે ડ્રાઈવિંગ લાયસન્સ છે કે નહીં તે અંગે શંકા સેવાઈ રહી છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે આ ગાડીઓના ચાલકો ઘણીવાર ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરે છે અને રહેણાંક વિસ્તારોમાં પણ બેફામ ગતિએ વાહન ચલાવે છે.

### યુવકને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયો



### રસ્તો સાંકડો અને વાહનોની સંખ્યા વધુ હોવાના કારણે અકસ્માત ઝોન બન્યો

# ઓલ્ડ પાદરા રોડ પર બે કાર વચ્ચે અકસ્માત, ચાલકો વચ્ચે શાબ્દિક ટપાટપી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વડોદરા શહેરના જુના પાદરા રોડ પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ બંને કાર ચાલકો વચ્ચે વાદવિવાદ સર્જાયો હતો. એક કાર ચાલકે સામેના કાર ચાલકની ભૂલ હોવાનું કહી તેના પર આક્ષેપ કર્યો હતો. અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. પરંતુ, બંને કારને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરા શહેરના જુના પાદરા રોડ પર બે કાર વચ્ચે અકસ્માતની ઘટના બની હતી. આ વિસ્તારમાં ટ્રાફિકના ભારણને કારણે ટ્રાફિક જામ થવોએ સામાન્ય બાબત બની ગઈ છે. જેના કારણે છાશવારે અકસ્માતો થતા હોય છે. પરંતુ, રાત્રી દરમિયાન ટ્રાફિક



નહિ હોવા છતાં ઉતાવળની લ્હાયમાં બે કાર વચ્ચે અકસ્માત થયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની નથી થઈ, પરંતુ બંને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. અકસ્માતની ઘટના દરમિયાન બંને કાર ચાલકો વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી. એક કાર ચાલકે સામેના ડ્રાઈવર પર ઝડપી વાહન ચલાવવાની અને ટ્રાફિક સિગ્નલનું પાલન ન કરવાના આક્ષેપ કર્યા હતા. જ્યારે બીજા ચાલકે તેની જવાબદારીને નકારી કાઢી હતી. નોંધનીય છે કે, આવી ઘટનાઓ આ રોડ પર વારંવાર બને છે. કારણ કે રસ્તો સાંકડો અને વાહનોની સંખ્યા વધુ છે. ઘટનાની જાણ થતાં ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથધરી હતી.

### વિજ્ઞાન પ્રવાહમાં ધો.12 જીવ વિજ્ઞાનની છેલ્લી ઘડીની તૈયારી કેવી રીતે કરશો ?

# ફોકસ,હાર્ડવર્ક-પોઝિટિવ માઈન્ડસેટથી ધોરણ 12 સાયન્સમાં ટોપ કરવુ શક્ય

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

ગુજરાત શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 16 માર્ચ સોમવારના રોજ જીવવિજ્ઞાનનું પેપર છે. જીવવિજ્ઞાન (બાયોલોજી) ના પેપરમાં સારા માર્ક્સ મેળવવા માટે લખાણની શૈલી અને આકૃતિઓ સૌથી વધુ મહત્વ ધરાવે છે. આ વિષયમાં થીયરી લાંબી હોઈ શકે છે, તેથી સમયનું વ્યવસ્થાપન કેવી રીતે કરવું તે માટે એજ્યુકેશન નિષ્ણાંત રવિ વઢવાણાએ વિદ્યાર્થીઓ માટે ખાસ મહત્વની બાબત જણાવી છે. જીવવિજ્ઞાનમાં આકૃતિએ જવાબનો આત્મા છે. પેન્સિલનો ઉપયોગ તો આકૃતિ હંમેશા શાર્પ પેન્સિલથી જ દોરો. નામ-નિર્દેશનમાં આકૃતિની જમણી બાજુએ સીધી લીટીમાં નામ નિર્દેશન કરવાનો આગ્રહ રાખો આનાથી પેપર ખૂબ જ સુઘડ દેખાય છે. સેક્શન મુજબ ટાઈમ મેનેજમેન્ટ પાર્ટ-B થીયરીમાં જીવવિજ્ઞાનનું પેપર સામાન્ય રીતે 50 માર્ક્સની થીયરી ધરાવે છે. વિભાગ A જેમા કુલ 8 પ્રશ્નો લખવાના હોય છે. દરેક પ્રશ્ન માટે 4 થી 5 મિનિટ આપો. કુલ 35-40 મિનિટ. જવાબ ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ. વિભાગ Bમાં કુલ 6 પ્રશ્નો લખવાના હોય છે. દરેક પ્રશ્ન માટે 7 થી 8 મિનિટ આપો કુલ 45 મિનિટ. અહીં આકૃતિ અથવા ફ્લો-ચાર્ટ બનાવવો ફાયદાકારક રહેશે. વિભાગ Cમાં કુલ 4 પ્રશ્નો સવિસ્તાર લખવાના હોય છે. દરેક પ્રશ્ન માટે 10 થી 12 મિનિટ આપો એટલે કુલ 40 મિનિટ. પેપર લખતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતોમાં ટેક્સબુક ફોક્સ કરો બાયોલોજીમાં વધારે પ્રશ્નો સીધા ટેક્સબુક માંથી આવે છે. એટલે દરેક ચેપ્ટર ધ્યાનથી વાંચો.

**સામાન્ય વિદ્યાર્થી પણ કમ્પ્યુટર વિષયમાં સારો સ્કોર કરી શકશે તે પ્રકારનું પેપર**

ધો. 12 સામાન્ય પ્રવાહમાં કમ્પ્યુટર પરિચય (331) નું થિયરી વિષયનું પેપર ખુબજ સરળ અને પાઠ્ય પુસ્તક આધારીત હતું. જે વિદ્યાર્થીએ પાઠ્ય પુસ્તક આધારિત તૈયારી કરી હશે અને પ્રાયોગીક કાર્ય પર પણ યોગ્ય રીતે ધ્યાન આપ્યું હશે,તેમને આજનું પેપર ખુબ જ સરળ લાગ્યું હશે. મારા મતે ચાલુ વર્ષે 100 માંથી 100 માર્કસ લાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હશે. સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં કમ્પ્યુટર વિષયનો કોર્સ એક સમાન જ હોય છે. પરિણામે જે વિદ્યાર્થીઓએ 11 માર્ચના રોજ થયેલ વિજ્ઞાન પ્રવાહના પેપરનો અભ્યાસ કર્યો હશે તો તેમને આજના પેપરમાં પાંચ પ્રશ્નો સમાન લાગ્યા હશે. મોટાભાગના વિદ્યાર્થીઓએ તો માત્ર 60 મિનિટમાં જ પેપર પૂર્ણ કરી દીધું હતું.

**મયુર ભુસાવળકર,**શિક્ષક

### મકરપુરા જીઆઇડીસીની ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો

# માંજલપુર અવધૂત ફાટક પાસે કચરામાં આગ ભભૂકી, તંત્રમાં મચી દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વડોદરા શહેરમાં ગરમીની શરૂઆતે આગજનીના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. તેવામાં માંજલપુર અવધૂત ફાટક પાસે કચરામાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ થતા જ મકરપુરા જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. વડોદરા શહેરમાં ગરમીના પ્રમાણમાં વધારો થતાં આગ લાગવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે, ગત મોડી રાત્રે માંજલપુર વિસ્તારમાં અવધૂત ફાટક જ્યાં કચરામાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. બનાવની જાણ થાત મકરપુરા જીઆઈડીસી ફાયર



સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જીઆઈડીસી ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર દીપક રાઠવાએ જણાવ્યું હતું કે , રાત્રે કોલ આવ્યો હતો કે માંજલપુર અવધૂત ફાટક રેલવે નો જે જગ્યા છે. એમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી? જે કંટ્રોલમાંથી તાત્કાલિક જીઆઈડીસી ફાયર સ્ટેશનને કોલ મળતા જ અમારી ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબુ મેળવી લીધો હતો. આગનું કારણ જાણવા મળ્યું નથી. પરંતુ આગ જે લાગી હતી એ સંપૂર્ણપણે કાબુમાં લઈ લીધી હતી.

### વડોદરામાં મેગા નેશનલ લોક અદાલત

# એક જ દિવસમાં 77,657 પેન્ડિંગ કેસોનો નિકાલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.14

નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરીટી (NALSA) અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરીટીના માર્ગદર્શન હેઠળ, વડોદરા જિલ્લામાં વર્ષની પ્રથમ મેગા નેશનલ લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેન વિ. કે. પાઠક સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ અદાલતમાં વર્ષોથી લંબાયેલા કેસોમાં પક્ષકારોને ત્વરિત ન્યાય અને વળતર પ્રાપ્ત થયું છે. લોક અદાલત દરમિયાન વળતરના બે મુખ્ય કિસ્સાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં પેન્ડીંગ એક કેસમાં પક્ષકારો વચ્ચે રૂ. 1,35,00,000/- માં સમાધાન થયું હતું, જેનું વળતર 'ગો ડિજીટ



ઈન્સ્યોરન્સ' દ્વારા ચૂકવવામાં આવ્યું છે. કરજણના ઉજી અધીક જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં એક કેસમાં રૂ. 1,05,00,000/- માં સુખદ સમાધાન આવ્યું હતું. જેમાં 'ચોલામંડલમ ઈન્સ્યોરન્સ' દ્વારા વળતરની રકમ ચુકવવામાં આવી હતી. તા. 14/03/2026 ના રોજ યોજાયેલી આ લોક અદાલતમાં કુલ 78,617 કેસો સુનાવણી માટે મૂકવામાં આવ્યા હતા.

### વરણામા પોલીસે અગાઉ હત્યાના પ્રયાસના ગુનામાં બે આરોપીને જેલ ભેગા કર્યાં હતા

# અણખી પાસે મારામારીમાં ઈજાગ્રસ્ત યુવકનું મોત, હત્યાની કલમ ઉમેરાઇ

**લોખંડની** પાઇપ રાજેશ શ્યામ રામને માથામા ફટકો મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

અણખી ગામે ધુળેટીએ રંગ લગાવવા મુદ્દે થયેલા ઝઘડામાં કંપનીમાં કામ કરતા બે કર્મચારીએ લાખંડની પાઈપથી હુમલો કર્યો હતો. પોલીસે હત્યાનો પ્રયાસનો ગુનો દાખલ કરી બંને હુમલાખોરોને જેલ ભેગા કર્યાં હતા. ત્યારે હુમલામાં ઈજાગ્રસ્ત યુવકનું હોસ્પિટલના બિઝાને મોત થતા ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરી પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. વડોદરના નજીક અણખી ગામની સીમમાં આવેલી ખાનગી કંપનીમા કામ કરતા કામદારો 4 માર્ચના રોજ એટલે કે ધુળેટીની તહેવારની રજા હોવાથી કંપનીના ધુળેટીનો તહેવાર ઉજવતા હતા. એકબીજા ઉપર કલર નાખતા હતા તે દરમ્યાન બાજુમા આવેલી કંપનીના કામદારો રાહુલ જીતેન્દ્રકુમાર દુબે તથા અરૂણકુમાર ફેરણ ચીપરીની ઉપર કલર નાખવા જતા તેઓએ કેમ રંગ નાખ્યો તેમ કહી ઝઘડો કર્યો હતો.

ત્યારબાદ બન્ને ઈસમોએ તેઓની કંપનીમાથી લોખંડની પાઈપો લઈ આવી અરૂણકુમાર ચૌધરીએ રવિન્દ્ર શ્યામ રામ (રહે, બીહાર) ને માથામાં લોખંડની પાઈપ મારી ગંભીર ઈજા પહોંચાડી તથા રાહુલને પણ પાળ ભાગે જમણી આંખ ઉપર લોખંડની પાઈપથી ઈજા કરી હતી. તેમજ રાહુલ કુમાર દુબે પણ તેની પાસેની લોખંડની પાઇપ રાજેશ શ્યામ રામને માથામા ફટકો મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમાં બંને ઈજાગ્રસ્તોને ગંભીર રીતે ઘવાયેલી હાલતમાં અટલાદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા.

જેમાં વરણામા પોલીસ દ્વારા હત્યાનો પ્રયાસનો ગુનો દાખલ કરીને બંને આરોપી રાહુલ દુબે અને અરુણ ચૌધરીની ધરપકડ કરીને જેલ ભેગા કરી દેવામાં આવ્યાં હતા. ત્યારે હોસ્પિટલમાં સારવાર લઇને રહેલા એક યુવકને સારુ થઇ જતા રજા આપી દેવાઇ હતી. જ્યારે અન્ય યુવકનું હોસ્પિટલના બિઝાને મોત નિપજ્યું હતું.

**એક્શન મોડ** કડવા અનુભવ બાદ ફેકલ્ટીના સત્તાધીશો દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો

# MSUની કોમર્સ ફેકલ્ટીને CCTVથી સજ્જ કરાશે

**આધુનિક સર્વેલન્સ** સિસ્ટમ ઉપલબ્ધ કરવા સાથે કેમેરાનું સીધું મોનિટરિંગ કરવામાં આવશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીની સૌથી મોટી કોમર્સ ફેકલ્ટીમાં અવારનવાર વિદ્યાર્થી સંગઠન વચ્ચે થતા ઘર્ષણને રોકવા અને કેમ્પસમાં પારદર્શિતા જાળવી રાખવા માટે હવે સત્તાધીશો એક્શન મોડમાં આવ્યા છે. યુનિવર્સીટીની સૌથી મોટી કહેવાતી કોમર્સ ફેકલ્ટીને ચારે બાજુથી સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવશે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની ફેકલ્ટી ખાતે ચાલી રહેલા ફેસ્ટિવલમાં એબીવીપી અને શિક્ષકો વચ્ચે બોલાચાલી અને માથાકૂટના દ્રશ્યો સર્જાયા હતા. ત્યારે, યુનિવર્સિટી જેવા શૈક્ષણિકધામમાં જ્યારે આવી ઘટનાઓ બને ત્યારે તેની તપાસ માટે સીસીટીવી ફૂટેજ સૌથી મહત્વની કડી ગણાતા હોય છે. પરંતુ, સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ન હતી. કારણ કે, સીસીટીવી બંધ હાલતમાં હતા. જેના કારણે જવાબદાર સામે પગલા લેવામાં મુશ્કેલી પડી હતી. આ કડવા અનુભવ બાદ કોમર્સ ફેકલ્ટીના સત્તાધીશો દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફેકલ્ટીના તમામ સંવેદનશીલ વિસ્તારો એન્ટ્રી એક્ઝિટ પોઈન્ટ અને પેસેજમાં નવા હાઈ ડેફીનેશન સીસીટીવી કેમેરા નાખવાની કામગીરી હાથ ધરાશે. જુના કેમેરા જે ટેકનિકલ ખામીને કારણે બંધ થતા અથવા તેની ગુણવત્તા ઓછી હતી, તેને બદલીને આધુનિક સર્વેલન્સ સિસ્ટમ ઉપલબ્ધ કરવામાં આવશે. આ કેમેરાનું સીધું મોનિટરિંગ કરવામાં આવશે. જેથી ભવિષ્યમાં આવી કોઈ ઘટના બને તો તાત્કાલિક પુરાવા મળી રહે. કોમર્સ ફેકલ્ટીમાં નવા કેમેરા લાગવાથી માત્ર વિદ્યાર્થી સંગઠનો પર પણ નહીં પણ કેમ્પસમાં આવતા અસામાજિક તત્વો પર પણ લગામ કસાશે.

**સંપૂર્ણ જગ્યા CCTVમાં આવી જાય એ રીતે ઈન્સ્ટોલેશનનું કામ ચાલુ કરી દીધું છે**

કોમર્સમાં સીસીટીવી કેમેરા ઘણા વખતથી બગડેલા અથવા તો ઓછા છે,તો એના લીધે થઈને જે પ્રોસેસ છે અને દરેક લોબીમાં આગળ પાછળ અને દરેક જગ્યાએ ઇવન ક્લાસરૂમની અંદર પણ સીસીટીવી કેમેરા લાગે એના માટે પ્રોસેસ ચાલુ કરી દીધો છે અને નવું એકેડમીક યર જૂનમાં શરૂ થાય એ પહેલા કોમર્સ ફેકલ્ટીના ચારે ચાર યુનિટ ઉપર આગળ પાછળ બધી જ જગ્યા ઉપર સંપૂર્ણ જગ્યા સીસીટીવીમાં આવી જાયએ રીતે સીસીટીવી ઈન્સ્ટોલેશનનું કામ ચાલુ કરી દીધું છે.

**પ્રો.પ્રજ્ઞેશ શાહ,**ડીન કોમર્સ ફેકલ્ટી




### મદદ કરવાના બહાને ગઠીયા એ વૃદ્ધા નું એટીએમ કાર્ડ બદલી નાખ્યા બાદ ખેલ પાડ્યો

# ATMમાં મદદના બહાને માણેજાના વૃદ્ધા સાથે ઠગાઈ, રૂ. 40 હજાર ઉપાડી લીધા

મોબાઈલ પર રૂપિયા ઉપાડ્યા હોવાનો મેસેજ આવતા પોતાની સાથે ઠગાઈની જાણ થઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વડોદરા શહેરના માણેજા વિસ્તારમાં એક વૃદ્ધા સાથે એટીએમમાં મદદના બહાને ઠગાઈ થયાની ઘટના સામે આવી છે. અજાણ્યા ગઠિયાએ વાતોમાં ફસાવી એટીએમ કાર્ડ બદલી નાખ્યા બાદ તેમના ખાતામાંથી ટુકડે ટુકડે રૂ. 40 હજાર ઉપાડી લીધા હતા. જેથી વૃદ્ધે ઠગ વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના માણેજા વિસ્તારમાં ઓમકાર હાઈટ્સમાં રહેતી 73 વર્ષીય શોભાબેન પ્રકાશભાઈ ટાપરે નિવૃત જીવન ગુજારે છે. તેમણે તેમનું એસબીઆઈ બેન્કમાં ખાતું છે જેમાં પેન્શન અને બચતના પૈસા જમા થાય છે. ગઈ તા.18 ડિસેમ્બર 2025ના રોજ સાંજે અંદાજે 6 વાગ્યે તેઓ માણેજા કોસીંગ ચાર રસ્તા પાસે આવેલ આત્મીય કોમ્પ્લેક્ષમાં આવેલા એચડીએફસી બેન્કના એટીએમ પર પૈસા ઉપાડવા માટે ગયા હતા.

તે સમયે એટીએમની બહાર ઉભેલા અજાણ્યા શખ્સે તેમને જણાવ્યું હતું કે આ મશીનમાંથી પણ એસબીઆઈનું કાર્ડ ચાલશે અને તે તેમની સાથે અંદર આવ્યો હતો. વૃદ્ધાએ મશીનમાં કાર્ડ નાખી રૂ. 2000 ઉપાડવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ પૈસા બહાર આવ્યા નહોતા.

ત્યારબાદ અજાણ્યા શખ્સે મદદ કરવાની વાત કરી તેમને વાતોમાં રોકી રાખ્યા અને તેમની પાસેનું એટીએમ કાર્ડ બદલી દીધું હોવાનું સામે આવ્યું છે. વૃદ્ધા એટીએમમાંથી બહાર નીકળી ગયા બાદ તેમના મોબાઈલમાં મેસેજ આવ્યો કે તેમના ખાતામાંથી રૂપિયા ઉપાડવામાં આવ્યા છે. બેન્ક તરફથી પણ ફોન આવતા તેમણે જાણ કરી કે તેમણે પૈસા ઉપાડ્યા નથી.

તપાસ કરતાં જાણવા મળ્યું કે ગઠિયાએ તેમનું કાર્ડ બદલી પિન નંબર જાણીને તેમના ખાતામાંથી રૂ. 40 હજાર ઉપાડી લીધા છે. આ બનાવ અંગે વૃદ્ધાએ અજાણ્યા ઈસમ સામે ઠગાઈની ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.